# ખરીફ પાક માટે ૨૭ દિવસ પાણી મળશે

**કાકરાપાર** ડાબા કાંઠા નહેરનું આ વર્ષનું રોટેશન જાહેર કરવામાં આવ્યું



બારડોલી : સુરત નહેર વિભાગના કાર્યપાલક ઈજનેર દ્વારા કાકરાપાર ડાબા કાંઠા નહેરના પિયત વિસ્તાર માટે આગામી ખરીફ-૨૦૨૬, રવિ-૨૦૨૬-૨૭ અને ઉનાળુ-૨૦૨૭ ની મોસમ માટે ઉકાઈ ડેમમાં ઉપલબ્ધ પાણીના જથ્થાને ધ્યાને રાખીને નવો રોટેશન કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ આયોજનની નોંધ લેવા માટે પિયત સરકારી મંડળીઓ, ખેડૂતો, ઉદવહન સિંચાઈ યોજનાઓ, પાણી પુરવઠા યોજનાઓ તેમજ ઉદ્યોગકારોને ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

## નહેર ચાલુ રહેવાનો સમયગાળો

૧. ખરીફ-૨૦૨૬: તા.૧૭-૧૦-૨૦૨૬ થી ૦૪-૧૧-૨૦૨૬ (૧૯ દિવસ)
૨. રવિ-૨૦૨૬-૨૭ (પ્રથમ તબક્કો): તા.૧૩-૧૧-૨૦૨૬ થી ૧૦-૧૨-૨૦૨૬ (૨૮ દિવસ)
૩. રવિ-૨૦૨૬-૨૭ (બીજો તબક્કો): તા.૧૫-૦૧-૨૦૨૭ થી ૧૩-૦૨-૨૦૨૭ (૩૦ દિવસ)
૪. ઉનાળુ-૨૦૨૭ (પ્રથમ તબક્કો): તા.૨૪-૦૨-૨૦૨૭ થી ૨૫-૦૩-૨૦૨૭ (૩૦ દિવસ)
૫. ઉનાળુ-૨૦૨૭ (બીજો તબક્કો): તા.૦૫-૦૪-૨૦૨૭ થી ૦૪-૦૫-૨૦૨૭ (૩૦ દિવસ)
૬. ઉનાળુ-૨૦૨૭ (ત્રીજો તબક્કો): તા.૧૫-૦૫-૨૦૨૭ થી ૧૫-૦૬-૨૦૨૭ (૩૨ દિવસ)

## ખેડૂતો અને સિંચાઈકારો માટે માર્ગદર્શિકા

૧. પાણી વિતરણમાં પિયત મંડળી વિસ્તારને અગ્રિમતા અપાશે. જે ખેડૂતો મંડળીના સભ્ય નથી, તેમણે પાણીની વહેંચણી મંડળીના પરામર્શમાં રહીને કરવાની રહેશે.
૨. રવિ મોસમ ૨૦૨૬-૨૭ માટે સિંચાઇની અરજી કરવાની છેલ્લી તારીખ ૧૫-૧૧-૨૦૨૬ નિર્ધારિત કરાઈ છે, જ્યારે ઉનાળુ ઋતુ ૨૦૨૭ માટે અરજી કરવાની અંતિમ તારીખ ૧૫-૦૩-૨૦૨૭ રહેશે.
૩. જે ખેડૂતોએ સિંચાઇનું ફોર્મ ભરેલ નહીં હોય તેમને પાણી આપવામાં આવશે નહીં. બિનઅધિકૃત રીતે પાણી લેનારા સામે નિયમોનુસાર દંડની કાર્યવાહી થશે.
૪. માઇનોર નહેરમાં ૪૦ ટકા કરતા ઓછા ફોર્મ ભરાયા હશે તે માઇનોરમાં પાણી વહેવડાવવામાં આવશે નહીં.
૫. બાગાયતદાર ખેડૂતોને રોટેશન દરમિયાન માત્ર એક જ વાર પાણી આપવામાં આવશે. સિંચાઈની શરૂઆત દરેક નહેરના છેવાડાના વિસ્તારથી કરવામાં આવશે.
૬. સિંચાઇકારોએ પાણીનો બગાડ અટકાવવા માટે ફિલ્ડ ચેનલની સાફ-સફાઇ અને મરામત જાતે અગાઉથી કરી લેવાની રહેશે.
૭. ખેડૂતોને સમયસર પિયાવો ભરી દેવા અને પ્રતિ હેક્ટર આકારણી થતી હોવાથી પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરવા માટે વિભાગ દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે. રોટેશનની તારીખમાં કોઈ ફેરફાર કરાશે નહીં, તેથી ખેડૂતોને તારીખ મુજબ પાણી મેળવી લેવા જણાવાયું છે.

**નહેર બંધ રહેવાનો સમયગાળો (મરામત અને જાળવણી)**

**૧. ખરીફ-૨૦૨૬:** તા.૦૫-૧૧-૨૦૨૬ થી તા.૧૨-૧૧-૨૦૨૬ (૦૮ દિવસ)
**૨. રવિ-૨૦૨૬-૨૭ (લાઈનિંગ/મરામત કામગીરી):** તા.૧૧-૧૨-૨૦૨૬ થી તા.૧૪-૦૧-૨૦૨૭ (૩૫ દિવસ)
**૩. રવિ-૨૦૨૬-૨૭:** તા.૧૪-૦૨-૨૦૨૭ થી તા.૨૩-૦૨-૨૦૨૭ (૧૦ દિવસ)
**૪. ઉનાળુ-૨૦૨૭:** તા.૨૬-૦૩-૨૦૨૭ થી તા.૦૪-૦૪-૨૦૨૭ (૧૦ દિવસ)
**૫. ઉનાળુ-૨૦૨૭:** તા.૦૫-૦૫-૨૦૨૭ થી તા.૧૪-૦૫-૨૦૨૭ (૧૦ દિવસ)

# કીમ નજીક રોંગ સાઇડ આવેલા ટ્રેક્ટરે ત્રણ વિદ્યાર્થીને અડફેટે લીધા

**એક** વિદ્યાર્થીના પગમાં ફ્રેક્ચર થતાં વધુ સારવાર માટે સુરત ખસેડાયો



કીમ: કીમ-ઓલપાડ રોડ પર સ્ટેટ હાઈવે-65 ઉપર અણીતા નજીક રોંગ સાઇડમાં આવેલા ટ્રેક્ટરને કારણે વિદ્યાદીપ યુનિવર્સિટીના ત્રણ વિદ્યાર્થી અકસ્માતનો ભોગ બન્યા હોવાની ઘટના સામે આવી છે. આ અકસ્માતમાં બે વિદ્યાર્થીને નાની-મોટી ઇજા પહોંચી હતી, જ્યારે એક વિદ્યાર્થીના પગમાં ફ્રેક્ચર થતાં ગંભીર ઇજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કીમથી ઓલપાડ તરફ જતા માર્ગ પર અણીતા નજીક ડાંગર સૂકવવા માટે રસ્તાની એક બાજુ મૂકવામાં આવ્યો હતો. દરમિયાન ટ્રેક્ટર રોંગ સાઇડમાં આવી જતાં અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતમાં ઇજાગ્રસ્ત થયેલા ત્રણેય વિદ્યાર્થીને સારવાર માટે કીમની સાધના હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જોકે, એક વિદ્યાર્થીના પગના ભાગે ગંભીર ઇજા પહોંચતાં તેને વધુ સારવાર માટે સુરતની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. કીમ-ઓલપાડ સ્ટેટ હાઈવે પર રોંગ સાઇડમાં વાહનો ચલાવવાની સાથે રસ્તા પર ડાંગર સૂકવવા મૂકવાની બાબત પણ માર્ગ સલામતી સામે સવાલો ઊભા કરે છે. જોકે, ગંભીર અકસ્માત બાબતે હાલ સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

# કુંભારીમાં બે બાઈક સામસામી અથડાતાં બે યુવકનાં મોત

**અસ્નાબાદના** આનંદ પટેલ અને કરંજના શ્વેત પટેલે જીવ ગુમાવ્યો

સાયણ: ઓલપાડ-કરંજ રોડ ઉપર કુંભારી ગામ નજીક પેટ્રોલપંપ પાસે અસ્નાબાદ ગામના ૩૧ વર્ષીય યુવક આનંદ અને કરંજ ગામના ૨૮ વર્ષીય યુવક શ્વેત બંનેની બાઈક સામસામી ભટકાતાં બંને યુવકનાં મોત થયાં હતાં. બંને આશાસ્પદ યુવકોનાં મોત થતાં પરિવારજનો સહિત તાલુકાના કોળી સમાજમાં શોકની કાલીમા પ્રસરી ગઈ છે.

ઓલપાડ ગ્રુપ ગ્રા.પં.ના અસ્નાબાદ ગામના નવાપરા ફળિયામાં આનંદ પ્રમોદભાઈ પટેલ (ઉં.વ.૩૧) રહેતો હતો. આનંદ ગત તા.૨૮ના રોજ સાંજે ૫:૪૫ કલાકે મો.સા. નં.(જીજે-૦૫, એચ.એક્સ ૧૭૪૮) હંકારી ઓલપાડથી સોંદલાખારા ગામે કોઈ કામ અર્થે જતો હતો. દરમિયાન કરંજ જતા રોડ ઉપર કુંભારીમાં પેટ્રોલપંપ નજીક કરંજ ગામ તરફથી ઓલપાડ બાજુ પૂરઝડપે દોડતી એક્સેસ મોપેડ નં.(જીજે-૫, એમ.યુ. ૯૯૩૩)ના ચાલક અને મૂળ ઓલપાડના કરંજનો નાણાંવટ ફળિયાનો વતની શ્વેત અશ્વિનભાઈ પટેલ (ઉં.વ.૨૮) (હાલ રહે., સૂર્યદર્શન સોસાયટી, જહાંગીરપુરા, સુરત)એ પોતાના કબજાની મોપેડ પૂરઝડપે હંકારી આનંદ પટેલની મો.સા.ને અડફેટે લીધી હતી. જેથી બંને રોડ ઉપર પટકાતાં બંનને ઓલપાડની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાતાં ફરજ પરના ડોક્ટરે બંનેને મૃત જાહેર કર્યા હતા. આ બાબતે મૃતક આનંદ પટેલના પિતરાઈ ભાઈ મિલન પટેલે મોપેડના મૃતક ચાલક શ્વેત પટેલ વિરુદ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# કુડસદમાં વાયર ચોરવા ચઢેલા બેને ગ્રામજનોએ ઝડપી પાડયા!

**11 કેવીની** ખેતીવાડી વીજલાઇનમાંથી 450 મીટર વાયર ચોરવાનો પ્રયાસ

**રૂ.17,270ની** કિંમતના વાયર મામલે કીમ પોલીસમાં ગુનો નોંધાયો

કીમ: ઓલપાડના કુડસદ ગામે કીમ-કુડસદ શેખપુર રોડ પર ખેતીવાડીની વીજલાઇનમાંથી વાયર ચોરી કરવાનો પ્રયાસ કરી રહેલા બે શખ્સને ગ્રામજનોએ ઝડપી પાડી પોલીસને સોંપ્યા હતા. ગ્રામજનોની સતર્કતાને કારણે વીજવાયર ચોરીનો પ્રયાસ નિષ્ફળ બન્યો હતો. આ મામલે કીમ પોલીસે બંને શખ્સ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



મળતી માહિતી મુજબ તા.28 ઓક્ટોબરે રાત્રે આશરે 9 વાગ્યાના અરસામાં કુડસદ-શેખપુર રોડ નજીક ખેતીવાડીની 11 કેવી વીજલાઈનના વીજપોલ પર ચડી કેટલાક શખ્સો વાયર કાપી રહ્યા હોવાની શંકા જતાં ગ્રામજનો એકત્રિત થયા હતા. ત્યારબાદ ગ્રામજનોએ કાર્યવાહી કરીને બે શખ્સને ઝડપી પાડ્યા હતા અને 112 નંબર પર ફોન કરી પોલીસને જાણ કરી હતી. પોલીસને જાણ થતાં બંને શખ્સોને પોલીસ હવાલે કરવામાં આવ્યા હતા.

પોલીસ ફરિયાદ મુજબ વીજલાઈનમાંથી 55 સ્કવેર મિમીનો AAAC એલ્યુમિનિયમ એલોય કન્ડક્ટર વાયર આશરે 450 મીટર ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ વાયરની અંદાજિત કિંમત રૂ.17,270 હોવાનું જણાવાયું છે. આ મામલે મયુર કાદર શાહ ફકીર અને ફૈજન અસલમ શેખ (બંને રહે.,શાહ આલમનગર, કોઠવા, માંગરોળ) સામે કીમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કઠોદરા ગામે પણ તાજેતરમાં ખેતીવાડી વીજલાઈનના વાયર ચોરીની બે ઘટના સામે આવી હતી. આ બનાવોને પગલે ખેડૂતોમાં ચિંતા ફેલાઈ હતી. ત્યારે કુડસદના જાગૃત ગ્રામજનોએ સતર્કતા દાખવી બે શખ્સને ઝડપી પોલીસને સોંપતાં જાગૃતિનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# તાપીમાં ગેરકાયદે ધર્માંતરણ પ્રવૃત્તિ અટકાવવાની માંગ

વ્યારા: તાપી જિલ્લામાં આદિવાસી વિસ્તારોમાં ગેરકાયદે રીતે ધર્માંતરણની પ્રવૃત્તિને અટકાવવા માટે દેવ બીરસા સેનાએ ગતરોજ કલેક્ટર દેવ ચૌધરીને આવેદનપત્ર આપી ધર્માંતરણ પ્રવૃત્તિને અટકાવવાની માંગ કરી છે. આવી પ્રવૃત્તિને કારણે આદિવાસીઓ પોતાની મૂળ પરંપરા, રીત-રિવાજો અને આગવી સંસ્કૃતિથી ધીમે ધીમે વિમુખ થતાં આવ્યા છે. જિલ્લામાં દર વર્ષે વારે તહેવારે અનેક સ્થળોએ ગેરકાયદે રીતે અન્ય ધર્મોના અનુયાયીઓ દ્વારા ધાર્મિક કાર્યક્રમો યોજી આદિવાસીઓને ગુમરાહ કરી ધર્માંતરણની પ્રવૃત્તિ થતી આવી છે. આગામી 31મી ઓક્ટોબરે ડોલવણમાં ધોળકા ગામે તેમજ તા.3-11-2026ના રોજ ઉકાઈ તાલુકામાં ઘોડા ગામે ખ્રિસ્તી ધર્મના કાર્યક્રમનું આયોજન કરાતા વિરોધ વ્યક્ત કર્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉંભેળમાં કાર અડફેટે યુવાનનું મોત



કામરેજ: ઉંભેળ બ્રિજ ઊતરતાં રોડ કરતાં યુવાનને મારુતિ અર્ટિગા કારના ચાલકે અડફેટે લેતાં માથામાં ગંભીર ઈજા થતાં યુવાનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અરેઠના ધરમપુરમાં પટેલ ફળિયામાં રહેતો નીરવ નવીનભાઈ ચૌધરી (ઉં.વ.25) કામરેજના ઉંભેળની હદમાં અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નં.48 પર આવેલા બ્રિજ ઊતરતાં મિત્ર સાથે રોડ ક્રોસ કરી રહ્યો હતો. ત્યારે મારુતિ અર્ટિગા કાર નં.(જીજે 05 સીવાય 2907)ના ચાલક દીપક નરેશ બિસ્ટ (ઉં.વ.33) (રહે.,મકાન નં.123, રહેમતનગર, ખોલવડ)એ બુધવારે રાત્રિના અડફેટે લેતાં માંથા તેમજ શરીરે ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે કામરેજ પોલીસ મથકમાં મૃતકના પિતાએ કાર ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

### બોરખડી પાસે અજાણ્યા વાહને બાઈકને અડફેટે લેતાં એકનું મોત

વ્યારા: વ્યારા પાસે સુરત-ધુલિયા નેશનલ હાઈવે નં.53 પર બોરખડી ગામની સીમમાં એક અજાણ્યા વાહને મોટરસાઈકલ નં.(GJ 19 L 4361)ને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મઢી ગામના દંપતી પૈકી 50 વર્ષીય દિલિપભાઈ ભીલાભાઈ ચૌધરીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે તેમના પત્ની રિટાબેન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયાં હતાં. આ દંપતી ગત તા.28 ઓક્ટોબરે વ્યારા કોર્ટનું કામ પતાવી પોતાની બાઈક પર ઘરે પર ફરી રહ્યાં હતાં. દરમિયાન આ દુર્ઘટના બની હતી. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર માટે વ્યારાની UNM હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ મામલે પોલીસે મહિલાની ફરિયાદના આધારે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### અરેઠમાં રૂ.૨.૧૮ લાખના દારૂ સાથે કાર ઝડપાઈ, બેની ધરપકડ



માંડવી: તડકેશ્વર પોલીસ સ્ટેશનનો સ્ટાફ અરેઠ આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો, ત્યારે બાતમી મળી હતી કે એક હ્યુન્ડાઈ ક્રેટા કાર નં.(GJ.10.DA.7400)માં વિદેશી દારૂ ભરીને માંડવીથી કીમ તરફ જઈ રહી છે. પોલીસે અરેઠ ગામે બસ સ્ટેશન સામે વોચ ગોઠવી હતી. બાતમીવાળી ગાડી આવતા પોલીસે તેને ઊભી રાખવાનો ઇશારો કર્યો હતો, જેથી કારચાલક અને બાજુમાં બેઠેલો શખ્સ કાર રોડની સાઈડમાં ઉતારીને ભાગવા લાગ્યા હતા, પરંતુ પોલીસ ટીમે તાત્કાલિક પીછો કરીને બંનેને ઝડપી લીધા હતા. પંચોની રૂબરૂમાં કારની તલાશી લેતા પાછળની સીટ તથા ડીકીમાંથી વિવિધ બ્રાન્ડની ૧,૨૦૦ નંગ વિદેશી દારૂ અને બિયરની બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ.૨,૧૮,૦૧૬ છે. પોલીસે દારૂ, રૂ.૫ લાખની કિંમતની ક્રેટા કાર અને 3 મોબાઇલ ફોન સહિત કુલ રૂ.૭,૩૩,૦૧૬નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં ભેરૂલાલ હગામીલાલ તેલી (ઉં.વ.૩૨) (હાલ રહે.,મોટા બોરસરા, મૂળ-રાજસ્થાન) અને પ્રકાશ લક્ષ્મણલાલ કુમાવત (ઉં.વ.૨૫) (હાલ રહે.,કરંજ ટોલનાકા પાસે, અરેઠ, મૂળ રહે., રાજસ્થાન)ની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે દારૂ મંગાવનાર વદેશીયાના ઉક્કડભાઇ ચૌધરીને વોન્ટેડ જાહેર કરાયો હતો.

# ઘલુડા એક્સપ્રેસ વે નજીક કન્ટેનર આંતરી ચાલક પર હુમલો

**યુપીમાં** કરેલી ફરિયાદની જૂની અદાવતમાં હુમલો કરનારા ત્રણ સામે ગુનો નોંધાયો

પલસાણા: મૂળ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢના વતની અને હાલ પલસાણા ખાતે રહી ડ્રાઇવિંગનું કામ કરતા ૨૭ વર્ષીય સહેજાદખાન વસીમખાન ગત તા.૨૪મી ઓક્ટોબરે સવારે પોતાનું અશોક લેલેન્ડ કન્ટેનર નં.(GJ-01-MT-1102) લઈને પલસાણા ફ્લિપકાર્ટ કંપનીમાંથી પાર્સલ ભરીને બનારસ જવા નીકળ્યા હતા. તેઓ ઘલુડા ગામ પાસે એક્સપ્રેસ વે ઉપર ચડી રહ્યા હતા, ત્યારે એક સ્વિફ્ટ ડિઝાયર કાર નં.(GJ-05-JC-7488)ના ચાલકે તેમના કન્ટેનરને ઓવરટેક કરી આગળ કાર ઊભી રાખી દીધી હતી. જેથી સહેજાદખાને બ્રેક મારી કન્ટેનર ઊભું રાખતાં સ્વિફ્ટ કારમાંથી આરીફ કલીમુદ્દીન ખાન, પરવેઝ ઉસ્માન ખાન અને ગુફરાન (ત્રણેય રહે.,ખામપુર, જિ. પ્રતાપગઢ, ઉત્તર પ્રદેશ) હાથમાં લાકડીઓ લઈ નીચે ઊતર્યા હતા.

આ ત્રણેય ઈસમે કન્ટેનરની ડ્રાઈવર અને ક્લીનર સાઈડના કાચ લાકડી વડે તોડી નાંખ્યા હતા. બાદ પરવેઝ ઉસ્માન ખાને કેબિન ઉપર ચઢી જઈ ડ્રાઈવર સહેજાદખાનને ધમકી આપી હતી કે, તમે લોકોએ ઉત્તર પ્રદેશના લીલાપુર થાનામાં મારી અને મારા માણસો વિરુદ્ધ વર્ષ ૨૦૨૪-૨૫માં જે ફરિયાદ કરેલ છે તેનું સમાધાન કરી લેજો, નહીંતર તમારા ખરાબ હાલ કરી નાંખીશ. આટલું કહી તેણે સહેજાદખાનને લાકડી વડે માર મારવાનું શરૂ કર્યું હતું, જેમાં સહેજાદખાનને જમણા હાથે, પગે અને છાતીમાં ઈજા પહોંચી હતી. જ્યારે અન્ય બે ઈસમ ગુફરાન અને આરીફે ગાળાગાળી કરી ભવિષ્યમાં જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ઘટના બાદ ડ્રાઈવર સહેજાદખાન પોતાનું કન્ટેનર લઈને બનારસ જતા રહ્યા હતા. ત્યાંથી પરત ફર્યા બાદ ગત તા.૨૮મી ઓક્ટોબરના રોજ સાંજે તેમણે પલસાણા પોલીસ મથકમાં ત્રણેય હુમલાખોર વિરુદ્ધ વિધિવત ફરિયાદ નોંધાવી હતી. પલસાણા પોલીસે આરીફ, પરવેઝ અને ગુફરાન સામે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

# વ્યારા સુગરને સહાયની તૈયારીથી બારડોલી સુગરના સભાસદોમાં રોષ

**વ્યારા** સુગર ફેક્ટરીને કેટલીક શરતોને આધીન ૬ કરોડની આર્થિક સહાયની તૈયારી સામે વિરોધ

બારડોલી: બારડોલી સુગર ફેક્ટરી દ્વારા માંદી પડેલી વ્યારા સુગર ફેક્ટરીને કેટલીક શરતોને આધીન ૬ કરોડ રૂપિયાની આર્થિક સહાય આપવાની તૈયારી દર્શાવવામાં આવતાં નવો વિવાદ ઊભો થયો છે. બારડોલી સુગરના ખેડૂત સભાસદોમાં આ નિર્ણયને પગલે ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે.

બે દિવસ અગાઉ સુરત અને તાપી જિલ્લાના જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ)ના અધિકારીઓએ ખાંડ નિયામકની સૂચનાથી બારડોલી સુગર ફેક્ટરીના પ્રમુખ મુકેશચંદ્ર પટેલ અને બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ સાથે એક મહત્ત્વની બેઠક યોજી હતી. આ બેઠકમાં વ્યારા સુગરને ૬ કરોડ રૂપિયાની મદદ કરવા માંગ કરવામાં આવી હતી. બારડોલી સુગર મિલે આ સહાય આપવા માટે આકરી શરતો મૂકી છે. આ શરતો મુજબ તાપી જિલ્લાની તમામ શેરડી માત્ર બારડોલી સુગરને જ કાપવા દેવી અને બારડોલી સુગરમાં જ તેનું પીલાણ કરવા દેવું. આ ઉપરાંત અન્ય કોઈ સુગર મિલો તાપી જિલ્લામાંથી શેરડીની કાપણી કરશે નહીં તેવી લેખિત બાંયધરી પણ માંગવામાં આવી છે.

આ વાત વાયુવેગે પ્રસરતા જ બારડોલીના સભાસદો આકરા પાણીએ જોવા મળી રહ્યા છે. ખેડૂતોનો આક્ષેપ છે કે, જે-તે સમયે સરકારે ખેડૂતોના મત મેળવવા માટે વ્યારા સુગર ફેક્ટરી શરૂ કરાવી દીધી હતી, પરંતુ નક્કર આયોજનના અભાવે સુગરે પીલાણ કર્યા બાદ ખેડૂતોના રૂપિયા ચૂકવવામાં નિષ્ફળતા મેળવી છે. નોંધનીય છે કે, હપ્તાના નાણાં ન મળતા વ્યારા સુગરના સભાસદોએ થોડા દિવસ પહેલા જ કલેક્ટર કચેરી ખાતે ધરણા પ્રદર્શન કર્યું હતું. લોકોનો આક્રોશ જોઈને સફાળી જાગેલી સરકારે ખાંડ નિયામકના માધ્યમથી બારડોલી સુગરનું શરણું લીધું હતું. જોકે, બારડોલી સુગર મિલના સંચાલકોએ શરતી સહાય માટે તૈયારી તો દર્શાવી દીધી છે, પરંતુ હવે તેની સામે તેમને પોતાના જ ખેડૂત સભાસદોની ભારે નારાજગી વહોરવી પડે તેવી પ્રબળ સંભાવના સેવાઈ રહી છે.






# ઓલપાડના ડભારી દરિયા કાંઠે પાનના ગલ્લામાં ચોરી

**રોકડ** રકમ અને કોલ્ડ ડ્રિંક્સ, પાન-મસાલાની પડીકી ચોરાઈ

**રૂ.૫,૭૭૦** મતાની ચોરી થતાં પોલીસ ફરિયાદ

સાયણ: ઓલપાડ કાંઠા વિસ્તારના ડભારી દરિયા કિનારે તસ્કર પાનના ગલ્લાને નિશાન બનાવી ગલ્લામાંથી કોલ્ડ ડ્રિંક્સની બોટલો, પાન-મસાલાની પડીકીઓ સહિત રોકડ રકમ મળી કુલ રૂ.૫,૭૭૦ મતાની ચોરી કરી ફરાર થઈ ગયો છે. ચોરી ઘટનાની વિગત મુજબ ડભારી ગામે નિશાળ ફળિયામાં રહેતો યુવક ફેનીલ સુભાષભાઈ પટેલ ડભારી દરિયા કિનારે પાનનો ગલ્લો ચલાવે છે.

ફેનિલ પટેલે ગત તા.૨૬ના રોજ સાંજે પોતાનો પાનનો ગલ્લો બંધ કરી ઘરે ગયો હતો. આ ગલ્લાનું તાળું રાત્રિના સમયગાળામાં કોઈ તસ્કરે તોડી ગલ્લામાંથી કોલ્ડ ડ્રિંક્સની જુદી-જુદી બોટલ નંગ-૨૮, કિં.રૂ.૨,૭૨૦, જુદી-જુદી કંપનીના પાન મસાલાની પડીકીઓ નંગ-૫૫, કિં.રૂ.૫,૫૦ મળી કુલ રૂ.૩,૨૭૦નો સામાન તથા રોકડ રકમ રૂ.૨,૫૦૦ મળી કુલ રૂ.૫,૭૭૦ ની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ચોરીની આ ઘટના બાબતે ફેનિલ પટેલે અજાણ્યા ચોર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

